# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-06-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્ય પેટા ચુંટણી:

મહેસાણાની કડી અને જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું પરિણામ આજે જાહેર કરાયું છે. કડી વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાનો વિજય થયો છે. જ્યારે કોંગ્રેસના રમેશ ચાવડા અને આમઆદમી પાર્ટીના જગદીશ ચાવડાનો પરાજય થયો છે.

વિસાવદર વિધાનસભા બેઠક પર આમઆદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલીયાને 17 હજાર 581 મતથી વિજેતા જાહેર કરાયા છે. આ બેઠક પર ભાજપના કિરીટ પટેલ, કોંગ્રેસના નીતિન રાણપરીયા અને આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયા વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી.

ઉલ્લેખનીય છે કે આ બંને બેઠકો પર 19 જૂન મતદાન થયું હતું. કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન અને વિસાવદર બેઠક પરથી ભૂપેન્દ્ર ભાયાણીના રાજીનામાને કારણે આ બંને બેઠકો ખાલી પડી હતી..

કડી અને વિસાવદરની પેટાચૂંટણીનાં પરિણામો જાહેર થયાં બાદ શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું છે. શક્તિસિંહ ગોહિલના સ્થાને હવે શૈલેષ પરમાર જવાબદારી નિભાવશે. જ્યાં સુધી નવા પ્રમુખના નામની જાહેરાત ના થાય ત્યાં સુધી દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર જવાબદારી સંભાળશે.

**-------------------------------------------------------------------------------------------**

## કચ્છમાં વરસાદ :

ગઇકાલે દિવસભર ધાબડિયા માહોલ વચ્ચે છૂટાછવાયા ઝરમર વરસાદ વરસ્યા બાદ આજે સવારથી જ કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળે છે.. ભુજ ઉપરાંત આસપાસના માધાપર, ભુજોડી, કુકમા, કુનરિયા, લોરિયા, સુમરાસર, મિરજાપર, સુખપર સહિતના ગ્રામ્ય પંથકમાં સવારથી ઝરમર વરસાદ પડ્યો હતો. જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળેલા આંકડા અનુસાર આજે સવારે છ વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી રાપરમાં એક મિલીમીટર, ભચાઉમાં 9 મિલીમીટર અને મુન્દ્રામાં એક મિલીટર વરસાદ નોંધાયો છે. કચ્છ પર સ્થિર થયેલી વરસાદી સિસ્ટમના કારણે હવામાન વિભાગ દ્વારા આજે કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે સાથે જ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

---

## કારાઘોઘા ડેમ ઓવરફ્લો:

કચ્છમાં શુકનવંતી મેઘવર્ષના પગલે મુન્દ્રા તાલુકાનો મધ્યમ સિંચાઇ યોજનાનો કારાઘોઘા ડેમ ઓવરફ્લો થયો છે. ગઇકાલે રાત્રિ દરમિયાન મુન્દ્રા પંથકમાં થયેલા વરસાદના પગલ ડેમમાં નવા પાણીની આવક થઇ હતી. કારાઘોઘા ડેમ 100 ટકા ભરાયેલ હોવાથી વહીવટી તંત્રએ ડેમના પટમાં અને કાંઠા વિસ્તારમાં લોકોને અવર-જવર ન કરવા તાકીદ કરી છે. મુન્દ્રા તાલુકાના બરાયા, બોરાણા અને ધ્રબ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

---

## રાજ્યમાં જળાશયો ભરાયા:

ચાલુ વર્ષે ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન થઇ ગયું છે ત્યારે રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે ૧૦ જળાશયો સંપૂર્ણ અને ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામનગર જિલ્લાના વાઘડીયા, કચ્છના કારાઘોઘા,

ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાયા છે જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે તેમ, જળ સંપત્તિ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

---

## પુરક પરિક્ષા :

કચ્છ જિલ્લામાં આજથી ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. આ પરીક્ષાઓ આગામી 1 જુલાઈ સુધી ચાલશે. આજે ધોરણ 12ની વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાન વિષયમાં 342 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જ્યારે 88 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જ્યારે સામાન્ય પ્રવાહના ભૂગોળ વિષયમાં 34 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં 70 વિદ્યાર્થીઓ ગેરહારજર રહ્યા હતા.

---

## મોદી સરકારના 11 વર્ષ અંજાર:

સેવા, સમર્પણ, સુશાસન અને ગરીબ કલ્યાણનાં 11 વર્ષ પૂર્ણ કર્યા બાદ નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવા અને કેન્દ્ર સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડી શકાય એટલા માટે સમગ્ર રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા `વિકસિત ભારત સંકલ્પ સભા'નું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે અંજારમાં શહેર ભાજપ દ્વારા વિકસિત ભારત સંકલ્પ સભા યોજાઈ હતી. સભાની શરૂઆત પૂર્વ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત મુસાફરોની આત્માને શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળીને અંજલિ અપાઈ હતી. સભાના મુખ્ય વક્તા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ કેન્દ્ર સરકારે 11 વર્ષમાં કરેલાં કામોની અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વની વાત કરી હતી.

---

## ગાંધીધામ મહાનગર પાલિકા વેરા વસુલાત:

ગાંધીધામ મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા એક એપ્રિલથી લઈને 19 જૂન સુધીમાં એટલે 80 દિવસમાં 8કરોડ 50 લાખની વસૂલાત કરવામાં આવી છે, એ ખાસ કરીને હાલના સમયે રિબેટ યોજના કાર્યરત હોવાથી મોટી સંખ્યામાં કરદાતાઓ મહાનગરપાલિકાને કચેરીએ આવીને તેમજ અલગ-અલગ ઓનલાઇન માધ્યમો થકી વેરાની ભરપાઈ કરી રહ્યા છે.

---